# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# મોક્ષમાર્ગમાં ચલાવનાર આત્મજ્ઞાનીના સ્વરૂપનું વર્ણન

# 'સદ્ગુરૂ'

આપણે આગળના લેખાંકોમાં છત્રીસ ગુણોયુક્ત આચાર્ય ભગવંત અથવા સદ્ગુરુના ગુણોનું અને લક્ષણોનું અને કેવા પ્રકારે બાળજીવોને સમકિત પ્રાપ્ત કરાવે અને ઘણા જીવોને કેવી રીતે ભાવે માર્ગાનુસારી બનાવડાવે (મોક્ષમાર્ગના અધિકારી બનાવે) તેની વિચારણા કરી અને જ્ઞાની કેવા પ્રકારની ભાવદશા, વિચારદશા, સમજણદશા, જગતને જોવાની દ્રષ્ટિ અને અનુભવદશાથી કેવા પ્રકારે બાળજીવોને દોષરહીત અને કષાયરહીત બનાવે છે તેની વિચારણા કરી અને આગળ વિશેષ વિચારણા કરીએ.

બાળજીવને સમકિત પ્રાપ્તિ માટે પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ અત્યંત જરૂરી છે, પ્રત્યક્ષ સદ્ગુરુ વગર બાળજીવને ભવમર્યાદાવાળું સમકિત પ્રાપ્ત થાવું અશક્ય છે. અશક્યના મુખ્ય કારણોમાં અહંકાર, અભિમાન, માનની પ્રકૃતિ અને સુખબુધ્ધિ, સ્વાર્થબુધ્ધિ અને માનબુધ્ધિ અને સાત ભયથી રહીતનો ધર્મ (આત્મધર્મ) જીવ પોતાની સમજણે કરી શકતો નથી, શાસ્ત્રના આધારથી પણ કરી શકતો નથી. આખો મોક્ષમાર્ગ ક્રમિક હોવાથી જીવ વચ્ચે અટકી પડે છે. અને ભવભવાંતરની ઉપદેશ (પ્રવચન) કરવાની ભવભવાંતરની કુટેવને કારણે જીવ પડે છે. (એક દોષ કાઢવાના પુરુષાર્થમાં અનેક દોષોનું ઉપાર્જન કરે છે.)

કામ જ્ઞાની પુરુષનું (સદ્ગુરુનું) છે. બંને બોધ સાથે ન મળવાનું કારણ આપનારની ટોળા ઉપરની દ્રષ્ટિ (પરિણામનું ગૌણપણું). અને જ્ઞાની આપી શકે એનું કારણ પરિણામ ઉપરની દ્રષ્ટિ (ટોળાનું ગૌણપણું).

અને સાતમા ગુણસ્થાનકવાળા જ્ઞાની પુરુષ સંપ્રદાયનું સ્થાપન કરતા નથી પણ પરમાત્માએ આપેલા તત્વનું બળવાનપણે પ્રગટ કરે છે. અને બાળજીવો ધર્મભીરૂ હોવાથી આત્મધર્મનું જીવનમાં સ્થાપન કરી શકતા નથી. (મોક્ષમાર્ગમાં ચાલવાવાળો જીવ પાપભીરૂ હોવો જોઈએ, ધર્મભીરૂ નહી) જીવને અનંત ભવભ્રમણથી મોક્ષમાર્ગ ન મળવાનાં ઘણા કારણોમાં મુખ્ય કારણ, મોક્ષમાર્ગ આરાધવા માટે સ્વાવલંબીપણું જોઈએ. (સંસારમાં આશ્રિતપણામાં ન હોય અને પરાવલંબીપણામાં ન હોવો જોઈએ.) નાની ઉંમરમાં આશ્રિતપણું, વૃધ્ધાવસ્થામાં પરાવલંબીપણું, અને મધ્યમ ઉંમરમાં સંસારભાવ બળવાન હોય છે. અને જીવને જ્યારે ઘણા જ્ઞાનીઓના યોગનો સમય હોય છે (ચોથો આરો) ત્યારે જીવોને સંજોગ પ્રતિકુળ હોય છે. અને જ્યારે જીવોને સંજોગ અનુકુળ હોય છે (પાંચમો આરો) ત્યારે જ્ઞાનીઓનો યોગ અત્યંત મુશ્કેલ હોય છે. આવી સ્થિતી સર્વકાળે અને સર્વ ક્ષેત્રમાં પ્રવર્તતી હોવાથી જીવને મોક્ષમાર્ગ મેળવવો અને આરાધવો અત્યંત મુશ્કેલ છે. (મોક્ષમાર્ગની પ્રાપ્તિ સર્વ સમયે દુર્લભ છે)

કે નારીનું શોષણ થતું હોય તો નારીમાં જાગૃતિ લાવીને, આત્મસ્વમાનનું સ્થાપન કરાવીને નારી ઉધ્ધારક બને છે. જે સમાજમાં ધર્માચાર્યોની ઉપેક્ષા થતી હોય તો તે સમાજમાં પાછું ધર્માચાર્યોનું સ્થાપન કરાવે છે. જે સમાજમાં બાળજીવો ભયપ્રેરિત ધર્મથી પિડાતા હોય તો તેને ભયથી મુક્ત કરાવે છે. આવા પ્રકારે સદ્ગુરૂ (સંત, જ્ઞાની, આચાર્ય ભગવંત) બાળજીવોના ઉધ્ધારક બને છે અને સમાજને આધી-વ્યાધી-ઉપાધીથી મુક્ત કરાવીને પરમાત્માના તત્વ તરફ વાળે છે. (કષાય કાપીને ગુણ પ્રગટાવે છે.) પતિતને પાવન કરે છે.

હવે જે બાળજીવમાં સંત (સદ્ગુરૂ)નું સ્થાપન ન હોય અને સદ્ગુરૂ પ્રત્યે શ્રધ્ધા અને આદરભાવ ન હોય તો તે બાળજીવ દુ:ખી અને દરીદ્ર હોય. જે ઘરમાં સંત (સદ્ગુરૂ)નું સ્થાપન ન હોય અને સદ્ગુરૂ પ્રત્યે શ્રધ્ધા અને આદરભાવ ન હોય તો તે ઘર દુ:ખી અને દરીદ્ર હોય. જે કુટુંબમાં સંત (સદ્ગુરૂ)નું સ્થાપન ન હોય અને સદ્ગુરૂ પ્રત્યે શ્રધ્ધા અને આદરભાવ ન હોય તો તે કુટુંબ દુ:ખી અને દરીદ્ર હોય. જે નગરમાં સંત (સદ્ગુરૂ)નું સ્થાપન ન હોય, સદ્ગુરૂ પ્રત્યે શ્રધ્ધા અને આદરભાવ ન હોય તો તે નગરવાસીઓ દુ:ખી દુ:ખી હોય. જે સમાજ અને ધર્મમાં સંત (સદ્ગુરૂ)નું સ્થાપન ન હોય અને સદ્ગુરૂ પ્રત્યે શ્રધ્ધા અને આદરભાવ ન હોય તો તે સમાજ દુ:ખી દુ:ખી હોય અને આધી-વ્યાધી-ઉપાધીથી પિડાતો હોય અને તે સમાજને શાસ્ત્રકારોએ અનાથ કહેલ છે.

માંગવાની જરૂર નથી, જે ભાવે અને જે ઈચ્છાએ શ્રધ્ધા કરે તે પ્રકારે તેને ઈચ્છિત ફળ મળે છે. **સદ્ગુરૂ સદેહે સમકિતના દાતા છે. અને દેહ છૂટ્યા પછી તેમના નામસ્મરણથી, તેમની સ્મૃતિથી (ચિત્રપટથી), તેમના જીવન ચરિત્રના વિચારથી અને તેમની સમાધિથી બાળજીવોની સર્વ ઈચ્છાઓ પૂર્ણ થાય છે.**

**માંગ્યા વગર આપે તેને સદ્ગુરૂ કહેવાય (શ્રધ્ધાના કારણે).** અત્યારે આપણે ઘણા ધર્મોના સંપ્રદાયોમાં જોઈએ છીએ કે જ્યાં જ્યાં સંત (સદ્ગુરૂનું) સ્થાપન થયેલું છે, તે તે સંપ્રદાય આધી-વ્યાધી-ઉપાધીથી દૂર થયેલો છે અને ધર્મનો પ્રભાવ અને ફેલાવો વધેલો છે. અને જૈન ધર્મની દ્રષ્ટિએ જોઈએ તો **શ્રીમદ રાજચંદ્ર ભગવંતદેવ**ને માનવાવાળો મોટો વર્ગ આધી-વ્યાધી-ઉપાધીથી મુક્ત છે. અને પોતાની સમજણ પ્રમાણે આત્મકલ્યાણ તરફ ધીમી ગતિએ પ્રયાણ કરે છે. આ સદ્ગુરૂ સંતનું માનવાનું ફળ છે.

શ્રીમદ રાજચંદ્રદેવનું લોકભાષામાં એમના સ્વહસ્તે આપેલો આત્મકલ્યાણનો માર્ગ આપણને અત્યારે સહજ પ્રાપ્ત છે. આરાધવા માટે સદેહે જોઈએ પણ આત્મકલ્યાણની જાણકારી લેવા માટે આવા જ્ઞાની પુરૂષનું લખાણ બાળજીવોને ઘણું ઉપકારક થઈ શકે તેવી સમજણ સાથે તેમનું વાંચન કરવું જોઈએ. તેમના રચેલા ભક્તિગીતો સાભળવા જોઈએ, તો બાળજીવમાં આત્મકલ્યાણના ભાવ જાગે અને સત્યની ઝુરણા પણ જાગે. આધી-વ્યાધી-ઉપાધીથી મુક્ત થવા માટે શ્રીમદ રાજચંદ્રજીનું ચિત્રપટ, નામ અને તેમનું વાંચન ઘણું ફળદાતા

બને અને લખાણમાંથી બોધ લઈને બાળજીવોએ કષાયમાંથી કેવી રીતે નિવૃતિ લેવી અને આત્મિક ગુણો કેવી રીતે પ્રગટાવવા અને બોધને જ્ઞાન સહીત ક્રિયામાં કેવીરીતે લેવો તેની સમજણ પોતાના સંપ્રદાયના આચાર્ય ભગવંતો પાસેથી મેળવી અને જ્ઞાન સહીત ક્રિયા, વ્રત, તપ, જપ કરવા. જેનાથી ત્યાગ અને વૈરાગ્ય બંનેનું બાળજીવોમાં પ્રગટપણું થાય અને આત્મકલ્યાણનું કારણ બને.

મિથ્યાત્વીની સમજણ મિથ્યા, વિચાર મિથ્યા, દ્રષ્ટિ મિથ્યા, લખાણ મિથ્યા, વાંચન મિથ્યા, વાણી મિથ્યા, કાર્ય મિથ્યા, પરિણામ મિથ્યા (સર્વપણું ખોટું).

સમકિતીની સમજણ સાચી, વિચાર સાચા, દ્રષ્ટિ સાચી, લખાણ સાચું, વાંચન સાચું, કાર્ય સાચું, અને પરિણામ સાચું (સમકિતીનું સર્વ સવળું).

આપણે સદ્ગુરૂ. સંત, જ્ઞાની, છત્રીસ ગુણોયુક્ત આચાર્ય ભગવંતના ગુણો, લક્ષણો, અનુભવ દશા, વિચાર દશા, જ્ઞાન દશા અને કેવા પ્રકારે પરિણામો આપે છે અને બાળજીવોને અનંત ભવમાંથી અલ્પભવમાં લઈ જાય છે અને બાળજીવોનો આ ભવ અને પરભવ કેવી રીતે કલ્યાણકારી બને છે. તેની મુખ્ય મુખ્ય સમજણ વિચારી અને વિશેષ વિચારણા ભાવી લેખાંકમાં યોગે કરીને વિચારશું.

---

## જૈનો જાગો

રમેશ વૈજાણી

**લેખાંક : ૧૬**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુન: મુદ્રણ**

---

*** સત્સંગ ***

**ક્ષમા લેવી એ સંસાર ધર્મ છે અને ક્ષમા આપવી એ આત્મધર્મ છે.**

---

*** સત્સંગનું ફળ ***

**સમકિત માંગવાથી મળે નહીં**
**આપવાથી અપાય નહીં**
**સદ્ગુરૂની શ્રધ્ધા અને ભક્તિનું ફળ જ સમકિત છે.**

---

**ભયપ્રેરિત ક્રિયામાર્ગ અનંતભવનું કારણ અને જ્ઞાનસહીતની ક્રિયાઓ અલ્પ ભવનું કારણ**

---

છત્રીસ ગુણોયુક્ત (છઠ્ઠા ગુણસ્થાનકના) જ્ઞાની પુરુષની સર્વ સાધનાઓ પૂર્ણ થયેલી હોવાથી અને બળવાન યોગબળ અને પૂણ્યબળના કારણે સંપ્રદાયનું સ્થાપન કરે છે. (એક જ ધર્મના અનેક સંપ્રદાયો આના કારણે બને છે.) અને એ સંપ્રદાયની અંદર ઈષ્ટદેવનું (શ્રી તીર્થંકર પરમાત્માનું) બળવાન સ્થાપન કરીને શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો સિધ્ધાંતબોધને ઉપદેશબોધનો આધાર આપીને બાળજીવોને મોક્ષમાર્ગમાં ચલાવે છે. (આત્મા મુખ્ય અને એના અનુસંધાનમાં વ્રત, તપ, જપ અને ક્રિયાઓ)

જ્ઞાનીની ગેરહાજરીએ બાળજીવોને કાં સિધ્ધાંતબોધ એકલો મળે છે અથવા ઉપદેશબોધ મળે છે. બંનેનો સમન્વય કરીને ધર્મ આપવાનું

---

**ભયસહિત કરેલો ધર્મ આત્મસંકોચનું કારણ બને અને પાપરહીત કરેલો ધર્મ આત્મ વિકાસનું કારણ**

---

**બુધ્ધિમાં પણ ન આવે અને અનુભવમાં પણ ન આવે તેને અંધશ્રધ્ધા કહેવાય.**
**જે બુધ્ધિમાં પણ આવે અને અનુભવમાં પણ આવે તેને શ્રધ્ધા કહેવાય.**

---

જ્ઞાની પુરુષો કાળ અને ક્ષેત્રના પ્રભાવે જે ધર્મ કે સંપ્રદાયમાં કષાયોનું બળવાનપણું થયેલું હોય અને પરમાત્માના તત્વોનું વિસ્મરણ થયેલું હોય તે ધર્મમાં (સમાજમાં) જન્મે છે. અને જે સમાજમાં જે બાળજીવોનું શોષણ થતું હોય તેને રોકે છે. (શોષણમાંથી મુક્ત કરાવે છે). જેમ

બાળજીવે આત્મકલ્યાણ માટે સપ્રમાણ અર્થ, સપ્રમાણ આરોગ્ય અને કૌટુંબિક શાંતી હોવી અત્યંત જરૂરી છે. અને તે પ્રાપ્ત કરવા માટે પૂર્વમાં થયેલા કોઈપણ જ્ઞાની પુરૂષોનું બાળજીવોએ ઘરમાં સ્થાપન કરવું જરૂરી છે અને બાળજીવ શ્રધ્ધાના બળે આધી-વ્યાધી-ઉપાધીથી મુક્ત થઈ શકે છે. સદ્ગુરૂ પ્રત્યક્ષ ન હોવાથી આરાધવાની જરૂર નથી, શ્રધ્ધાની જરૂર છે. સદ્ગુરૂ પાસે

**• જૈન ધર્મના શાસ્ત્રનો સાર •**

**દેહ અને આત્માની ભિન્નતા જાણવી**
**દેહ અને આત્માની ભિન્નતા માનવી**
**દેહ અને આત્માની ભિન્નતા અનુભવવી.**

**અને એવા અનુભવીના આશ્રયે જઈને બાળજીવો તેની આજ્ઞા એ જ ધર્મ અને તે આજ્ઞામાં ટકવાનો પુરૂષાર્થ તેજ તપ.**

અને આવા યોગો ન હોય તો આવા અનુભવી જ્ઞાનીનું લખાણનું વાંચન કરીને બાળજીવોએ ભાવે માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરવું એ મનુષ્યપણું અને જૈન કુળમાં જન્મ્યાનું સાર્થકપણું કરીએ.

**આનંદ આનંદ આનંદ**

---

**જ્ઞાન રહીતની ક્રિયા એ જડતા છે.**
**ક્રિયા રહીતનું જ્ઞાન એ સ્વચ્છંદતા છે.**
**જ્ઞાન સહીતની ક્રિયા એ સમયનો સદ્ઉપયોગ અને વૈરાગ્યનું કારણ છે.**

---

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.